# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-11-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Vav BY ELECTION

બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થઈ રહ્યું છે. બપોર બાદ એક વાગ્યા સુધીમાં 39.12 ટકા મતદાન નોંધાયું છે. વાવની પેટાચૂંટણીમાં ભાજપના સ્વરૂપજી ઠાકોર, કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત અને અપક્ષના માવજી પટેલ સહિત 10 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ બેઠક પર કુલ ત્રણ તાલુકા ના 179 મતદાન મથકો છે. અને કુલ 321 મતદાન મથકો છે. યુવાન મતદારોથી લઈ વડીલ મતદારો ઉત્સાહજનક રીતે મતદાન કરી રહ્યા છે. વાવ બેઠક પર કુલ 3 લાખ દસ હજાર કરતા વધુ મતદારો છે.પેટા ચૂંટણીમાં અંદાજિત 1400 કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.અત્યાર સુધી ક્યાંય પણ અનિચ્છનીય ઘટના ના કોઈ સમાચાર નથી.

મહત્વપૂર્ણ બાબત એ છે કે, કેશરગઢના મતદારોએ વાવ વિધાનસભાની બેઠક ઉપર મતદાન કર્યું હતું. જોકે સીમાંકન મુજબ આ ગામ પાટણના સાંતલપુર તાલુકામાં આવેલું છે. લોકસભા અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આ ગામનો સમાવેશ પાટણ લોકસભા બેઠકમાં થાય છે. વાવ વિધાનસભાના આ છેલ્લાં ગામના મતદારો શાંતિ પૂર્ણ માહોલમાં મતદાન કરી રહ્યા છે.

# PRESIDENT UPDATE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે પ્રવાસનનો વિકાસ માત્ર આપણા વારસાને પ્રોત્સાહન આપવાની સાથે જ યુવાનો માટે રોજગારીની મોટી તકો પણ ઉભી કરે છે. રાષ્ટ્રપતિ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે છે, તેમણે આજે રમત ક્ષેત્ર અને ઝંડા ચોક સ્કૂલ અને ગેમ ઝોન ફેઝ 2 સહિત કેન્દ્રશાસિત પ્રદેશમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું. સભાને સંબોધતા, રાષ્ટ્રપતિએ પ્રદેશના પ્રવાસન, શિક્ષણ અને ઔદ્યોગિક વિકાસમાં કેન્દ્રશાસિત પ્રદેશ દમણ દીવ અને દાદરા નગરહવેલી વહીવટીતંત્રના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

(બાઇટ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ)

રાષ્ટ્રપતિએ વિકસિત ભારતના વિઝનને હાંસલ કરવા માટે ગામડાઓના વિકાસ પર પણ ભાર મૂક્યો હતો. રાષ્ટ્રપતિએ આદિવાસી સમુદાયોના કલ્યાણ માટે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા પણ દાહરાવી હતી  અગાઉ, રાષ્ટ્રપતિએ સિલ્વાસામાં NAMO મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની પણ મુલાકાત લીધી હતી. બાદમાં રાષ્ટ્રપતિ દીવમાં INS ખુકરી મેમોરિયલની મુલાકાત લેશે.

# RUSHKIKESH PATEL ON KHYATI HOSPITAL ISSUE

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલના કથિત ગેરરીતિ મામલે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગરમાં તાકીદની બેઠક કરી હતી. આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે યોજાયેલી આ બેઠકમાં હોસ્પિટલની તપાસ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કરવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું.. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહારાષ્ટ્રનો ચૂંટણી પ્રવાસ ટુકાવી ગાંધીનગરમાં બેઠક કરી હતી..

બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા તેમણે કહ્યું હતું કે પરિવારજનોને કોઈ પણ જાતની જાણ કર્યા વગર એન્જોગ્રાફી કરવામાં આવી છે. તે માટે તમામ જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને પગલા ભરવામાં આવશે.

બાઇટ..ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી

આ અંગે પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાના ડાયરેકટર ઉપેન્દ્ર ગાંધીએ જણાવ્યું હતું કે, હોસ્પિટલનું લાયસન્સ રદ કરવામાં આવશે. હાલમાં કાયદા વિભાગના અભિપ્રાય મેળવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# PM Bihar

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારનાં દરભંગા ખાતેથી અમદાવાદના ચાંદલોડિયા રેલવે સ્ટેશન સહિતના દેશનાં વિવિધ રેલવે સ્ટેશનો પર 18 ભારતીય જનઔષધિ કેન્દ્રોનું ઉદઘાટન કર્યું. રેલવેમાં મુસાફરી કરતાં મુસાફરોને રાહતદરે આ જનઔષધિ કેન્દ્ર ઉપરથી દવાઓ ઉપલબ્ધ થશે.

# MEHSANA MATDAR SUDHARA YADI

મહેસાણા જિલ્લા કલેક્ટરે નાગરિકોને મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં સહભાગી થવા અપીલ કરી છે. આગામી 17થી 24 નવેમ્બરના રોજ તમામ મતદાન મથકોએ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજાશે. જેમાં 18થી 19 વર્ષની વયના હોય તેવા નાગરિકોના નામ નોંધાવી શકાશે. આ માટે ફોર્મ નંબર 6 ભરવાનું રહેશે. આ પ્રક્રિયા ઓનલાઇન પણ કરી શકાશે.

# ARVALLI JOURNALIST CAMP

અરવલ્લીના પત્રકારો અને મીડિયાકર્મીઓ માટે અને તેમના પરિવાર માટે માહિતી વિભાગ અને અરવલ્લી જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં પોસ્ટ વિભાગની અકસ્માત વીમા પોલિસી સ્વ ખર્ચે સ્થળ ઉપર જ મેળવ્યા હતા.

આ ઉપરાંત આયુષ્માન કાર્ડ માટે જરૂરી દસ્તાવેજ અને અન્ય માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત e-kyc ની સુવિધાઓ સ્થળ ઉપર ઉપલબ્ધ કરવામાં આવી હતી.. આ કેમ્પ દરમિયાન સરકારની અન્ય યોજનાઓનો લાભ અને તેના મહત્વ વિશે જાણકારી આપીને પ્રચાર કરવા પણ અધિકારીઓએ પત્રકારોને અનુરોધ કર્યો હતો.

# CHOTAUDEPURTRAINIGN IAS

છોટાઉદેપુરમાં તારીખ ૯ થી 17 નવેમ્બર સુધી બાર સનદી અધિકારીઓ તાલીમના ભાગ રૂપે જીલ્લાની મુલાકાતે આવ્યા છે. આ તાલીમના ભાગરૂપે આ તાલીમી સનદી અધિકારીઓએ જિલ્લા સેવાસદન ,નગર પાલિકા અને સરકારી હોસ્પિટલની મુલાકાત લેવામાં આવી હતી..

નગરપાલિકા ની કાર્ય પદ્ધતિ માળખાગત, અને વિકાસના કામોની માહિતી ચીફ ઓફિસર દ્વારા તેમને આપવામાં આવી હતી. છોટાઉદેપુરના કુસુમ સાગર તળાવની મુલાકાત લેવામાં આવી. જેમાં નવીનીકરણ અને તળાવની સાફ સફાઈના કામ અંગે વિગતવાર માહિતી મેળવી હતી

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..